સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો અને ઉન્નતવર્ગ પ્રમાણપત્રોની ચકાસણી માટેની વિશ્લેષણ સમિતિ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૦૮-૧૭૫૬-અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬-૦૩-૨૦૧૫

વંચાણે લીધા:

૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૨/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૦૮-૧૭૫૬-અ

૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨/૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૦૮-૧૭૫૬-અ

૩) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૭/૩/૨૦૧૫નો પત્રક્રમાંક:વિજક/જન/જાપ્રપ/૨૦૧૪-૧૫/૨૧૪

૪) આદિજાતી વિકાસ વિભાગનો તા.૨૮/૫/૨૦૧૦નો ઠરાવક્રમાંક:અજપ-૧૯૯૭-૧૬૪૯-ચ

૫) નામ. હાઇકોર્ટનો SCA 20427/2006નો તા.૧૭/૧૨/૨૦૦૯નો ઓરલ ઓર્ડર.

પ્રસ્તાવના:

વંચાણમાં લીધેલ ક્રમ.(૧) પરના આ વિભાગનાતા.૧૯/૧૨/૨૦૦૮ના ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો અને પ્રમાણપત્રોની ચકાસણી માટેની વિશ્લેષણ સમિતિની રચના, કાર્યપધ્ધતી અને સત્તાઓ નક્કી કરાયેલ છે. વંચાણમાં લીધેલ ક્રમ.(૨) પરના ઠરાવથી પ્રમાણપત્રો માટે અપીલ સત્તા બાબત સ્પષ્ટતા કરેલ છે. વંચાણમાં લીધેલ ક્રમ.(૩) દ્વારા નિયામકશ્રીએ નામ. હાઇકોર્ટમાં આદિજાતી વિકાસ વિભાગ વિરુધ્ધ થયેલ SCA 20427/2006નો તા.૧૭/૧૨/૨૦૦૯ના ઓરલ ઓર્ડરના અનુસંધાને અત્રે આદિજાતી વિકાસ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ.(૪) પરના તા.૨૮/૫/૨૦૧૦ના ઠરાવ મુજબ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો ચકાસવા માટે બનાવેલ રાજયકક્ષાની વિશ્લેષણ સમીતીની પુન: રચના માટે દરખાસ્ત કરેલ હતી. કારણ કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં વિશાળ જનસંખ્યા આવરી લેતી કૂલ ૧૪૬ જાતિઓ છે. જેના જાતિ અને ઉન્નતવર્ગના પ્રમાણપત્રોના પ્રશ્નો છેવટે વિશ્લેષણ સમિતીએ ઉકેલવાના હોય છે. સાથે અન્ય પછાત વર્ગના પ્રમાણપત્રોને લગતા પ્રશ્નો વાલીપણાના સિધ્ધાંત અનુસાર વિશ્લેષણ સમિતી સમક્ષ આવે છે. હાલ સમિતીના અધ્યક્ષ તરીકે વિભાગના વડા હોય છે.

પરંતુ, વિભાગના વડાને ઉક્ત જવાબદારી સાથે વિભાગની અન્ય કામગીરીને પણ ન્યાય આપી શકે તે માટે વિશ્લેષણ સમિતીની પુન:રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આથી, પુખ્ત વિચારણાને અંતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો અને ઉન્નતવર્ગ પ્રમાણપત્રોની ચકાસણી માટેની રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતીની પુન:રચના કરવામાં આવે છે. તથા તેમાં નીચે પ્રમાણેના સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી /નાયબ સચિવશ્રી(વિ.જા.ક.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. | અધ્યક્ષશ્રી |
| ૨ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્યશ્રી |
| ૩ | નિયામકશ્રી (આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) | સભ્યશ્રી |
| ૪. | સેક્શન અધિકારી (જાતિ પ્રમાણપત્ર-વિ.જા.ક.) | સભ્યશ્રી |
| ૫. | સંયુક્ત નિયામકશ્રી/ નાયબ નિયામકશ્રી (વિ.જા.ક) (જાતિ પ્રમાણપત્રની કામગીરી સંભાળતા) | સભ્ય સચિવશ્રી |

વિશ્લેષણ સમિતિના કાર્યો,ફરજો તથા સત્તાઓ ક્રમ (૧)ના ઠરાવ પ્રમાણે રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૯/૩/૨૦૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગ માટેનું પંચ, બંગલા નં.૧૩,૧૩/એ-'ખ' ટાઇપ, સેક્ટર-૧૯, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ(તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી વિકસતી જાતિ મારફત)
- સિલેક્ટ ફાઇલ